## ચીખલીમાં કાવેરી નદીમાં કચરાથી પાણી પ્રદૂષિત

**ગંદકીગ્રસ્ત** રિવર ફ્રન્ટના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ




### એક સમયે સાફ સફાઈ કરવામાં આવતી હતી

ચીખલીના રિવરફ્રન્ટ પાસે કાવેરી નદીની વર્ષો પૂર્વે ચીખલીની સેવાભાવી આગેવાન સ્વ.રાજુભાઇ સોની દ્વારા સાફ સફાઈ કરાવવામાં આવી હતી. જે તે સમયે નદી ચોખ્ખી ચણાંક કરી દેવામાં આવી હતી.પરંતુ ત્યારબાદ રિવરફ્રન્ટ પાસે કાવેરી નદીની સાફ સફાઈ કરવામાં આવી નથી અને સાફ સફાઈના અભાવે હાલ નદીમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ઘેજ: ચીખલીના નદી મહોલ્લો કે જે કાવેરી નદીના તટે આવેલ છે. અહીં દેવાધિદેવ મહાદેવજીનું ત્રણ શિવલિંગો સાથેનું પેશ્વા સમયનું પ્રાચીન મંદિર છે. ઉપરાંત નદીમાં તડકેશ્વર મહાદેવજી તથા આજુબાજુમાં ગાયત્રી માતા,મહાકાળી માતા,જલારામ બાપાનું મંદિર પણ છે. સાંસદ સી.આર.પાટીલ દ્વારા ઘણા વર્ષ પૂર્વે આદર્શ ગામ તરીકે ચીખલીનો સમાવેશ કર્યો હતો. ત્યારે આ કાવેરી નદીના તટવર્તીય વિસ્તારનો રિવરફ્રન્ટ તરીકે વિકાસ કરી હરવા ફરવા, બેસવા માટેની સુવિધા ઉભી કરવામાં આવી હતી. અહીં નદીમાં ચેકડેમ પણ હોય ખાસ કરીને રાત્રીનો નજારો વધુ નયનરમ્ય હોય છે.અહીં ત્રીસેક ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા છે.

છેલ્લા કેટલાક સમયથી રિવરફ્રન્ટ પાસે કાવેરી નદીમાં મોટી માત્રામાં પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર થઈ જવા પામ્યો છે. જેને પગલે નદીનું પાણી દૂષિત થતા જળચર જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે પણ જોખમ ઉભું થયું છે. બીજી તરફ પાણીમાં કચરાને પગલે ગંદકીનું સામ્રાજ્ય અને તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે. જેને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘની કાલે ચૂંટણી

**1079** શિક્ષક ડેલીગેટો ચૂંટણીમાં મતદાન કરશે

**ચૂંટણી** સમરસ કરવા આગેવાનોના પ્રયાસો નિષ્ફળ

વલસાડઃ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની યોજાનારી ચૂંટણીને આડે માંડ બે દિવસ બાકી રહ્યા હોય જિલ્લામાં પ્રાથમિક શિક્ષક વર્તુળમાં ભારે દોડધામ જોવા મળી રહી છે. 27 જૂને ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના 1079 ડેલીગેટો ચૂંટણીમાં મતદાન કરશે. આ ચૂંટણીને બિનહરીફ કરાવવા અને શિક્ષકો વચ્ચે બિન જરૂરી સંઘર્ષ ટાળવા હોદેદારોએ ભારે પ્રયાસો કર્યા હતા. જોકે આ શક્ય બન્યું ન હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘની મુદત પૂર્ણ થતાં 27 જૂને ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં એક પેનલમાં પ્રમુખ તરીકે બિપિન પટેલ (મોટા ભવાડા પ્રા.શાળા કપરાડા)એ ઉમેદવારી કરી છે. જેઓ કપરાડા તાલુકા શિક્ષક સંઘના બે ટર્મના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલ જિલ્લા કાર્યાધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે. જ્યારે અન્ય એક પેનલમાં જયેશભાઈ કે. ગરાસિયા (ઊગતા, ધોળમાળ પ્રા. શાળા, ધરમપુર)એ પ્રમુખ પદ માટે ઉમેદવારી કરી છે. જેઓ ધરમપુર ટીચર સોસાયટીના પ્રમુખ તરીકે ફરજ બજાવે છે. સવારની શાળા અને ત્રણ દિવસ સુધી ચાલેલા શાળા પ્રવેશોત્સવ સહિતના મુદ્દે ઉમેદવારોને પ્રચાર કરવાનો ઓછો સમય મળતા ચૂંટણીના પરિણામો, સમીકરણો, ધારણાઓ બદલાઈ જવાની શક્યતા પણ શિક્ષણ આલમમાં ચર્ચાઇ રહી છે.

## આમડપોરમાં સ્માર્ટ મીટર મુદ્દે વિરોધ: ગ્રામજનોએ કામગીરી રોકી

**પૂરતી** માહિતી નહીં મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે



નવસારીઃ નવસારી જિલ્લાના આમડપોર ગામમાં સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરીને લઈને ગ્રામજનો અને દક્ષિણ ગુજરાત વીજ કંપની વચ્ચે વિવાદ ઊભો થયો છે. ગામના વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ મીટર સ્થાપન શરૂ થતાં સ્થાનિકોએ પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ગ્રામ પંચાયત ખાતે એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો.

વિરોધ કરી રહેલા ગ્રામજનોનો આક્ષેપ છે કે મીટર બદલવાની કામગીરી શરૂ કરતા પહેલાં ગામલોકોને યોગ્ય રીતે જાણ કરવામાં આવી નહોતી. કેટલાક રહેવાસીઓએ એવો પણ દાવો કર્યો કે પરિવારના સભ્યોની ગેરહાજરી દરમિયાન મીટર બદલવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેના કારણે લોકોમાં અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે. કેટલાક લોકોએ વધુમાં આક્ષેપ કર્યો કે ગામના તમામ વિસ્તારોમાં એકસમાન રીતે કામગીરી કરવામાં આવી નથી.

બીજી તરફ, DGVCLના અધિકારીઓએ જણાવ્યું છે કે સ્માર્ટ મીટર સ્થાપન રાજ્ય સરકારની નીતિ અને કંપનીના આયોજન મુજબ ચાલી રહેલી નિયમિત પ્રક્રિયા છે. અધિકારીઓએ ગ્રામજનોને સહકાર આપવા અપીલ કરી હતી.

ગ્રામજનોનું કહેવું છે કે જ્યાં સુધી સ્માર્ટ મીટર અંગેની તમામ શંકાઓનું નિવારણ નહીં થાય, સમગ્ર ગામમાં સમાન ધોરણે અમલીકરણ નહીં થાય અને લોકોને પૂરતી માહિતી આપવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ વિરોધ ચાલુ રાખશે.

## ‘આ બાળક મારું નથી’ પ્રેમીએ સગીરાને ત્યજી

**પડોશી** યુવાને સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી દીધી હતી

ઉમરગામઃ તાલુકાના ભીલાડ નજીકના એક ગામમાં માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી છે પડોશી યુવાને સગીરાને પ્રેમ જાળમાં ફસાવી શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી બાળકનો જન્મ થતા આ બાળક મારું નથી એમ કહીને સ્વીકારવાની ના પાડતા પોલીસમાં ફરિયાદ નોંધાઇ હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનમાં એવી ફરિયાદ નોંધાય છે કે ભોગ બનનાર એક 15 વર્ષીય સગીર વયની યુવતીને પડોશમાં રહેતા એક યુવાને પ્રેમ જાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી તારીખ 15/07/2024થી તારીખ 31/08/2025 દરમિયાન ગામમાં એકાંતમાં આવેલ ખુલ્લી જગ્યામાં લઈ જઈ તેણી સાથે વારંવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી. અને ભોગ બનનાર યુવતીએ તારીખ 10/11/2025ના રોજ એક બાળકને જન્મ આપ્યો હતો. આરોપી યુવાને આ બાળક મારું નથી તેમ કહીને સ્વીકારવાની ના પાડતા ભોગ બનનારે બનાવ અંગે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે આરોપીની ધડપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## નવસારીનાં 26 વિકાસ કાર્યો મંજૂર

**રસ્તા,** પાણી, એનિમલ બર્થ કન્ટ્રોલ સ્થાપવા સહિતનાં કામોની દરખાસ્ત મંજૂર



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સામાન્ય બેઠક ગુરુવારે ટાઉન હોલ, દેવિના પાર્ક ખાતે સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શહેરના વિકાસ, વહીવટી સુધારા અને નાગરિક સુવિધાઓને લગતી કુલ 26 દરખાસ્તો પર વિસ્તૃત ચર્ચા કર્યા બાદ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાં વર્ષ 2026-27 દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ રિસરફેસિંગ, નવા રસ્તાઓ, RCC રોડ, વ્હાઈટ-ટોપિંગ રોડ, બ્લોક પેવિંગ, મોડલ ફૂટપાથ અને થર્મોપ્લાસ્ટ રોડ માર્કિંગના કામો હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાંત, ટ્રાફિક સુવિધા સુધારવા અને આંતરિક માર્ગોને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી બજેટ અને કામગીરીને મંજૂરી આપવામાં આવી હતી. પાણી પુરવઠા અને ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈન, વરસાદી ગટર અને નવી ડ્રેનેજ લાઈન નાખવાની તેમજ જૂની લાઈનોના સમારકામને મંજૂરી આપવામાં આવી હતી. વિરાવળ, દશેરા ટેકરી, સરસ્વતી મંદિર વિસ્તાર અને સ્ટેશન વિસ્તારમાં ડ્રેનેજ પાઈપલાઈનના તાત્કાલિક સમારકામ ઉપરાંત ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ટાળવા પૂર્વ-ચોમાસાની સફાઈ અને ડ્રેનેજની કામગીરીને પણ પ્રાથમિકતા આપવામાં આવી હતી.

મનપાની કચેરીઓમાં CCTV કેમેરા સ્થાપવા, કોર્પોરેશન કચેરીના બીજા માળે ઓફિસ ફર્નિચર અને પાર્ટિશનનું અપગ્રેડેશન, ઝોન-2માં જન્મ-મરણ શાખાના સબ-રજિસ્ટ્રારનો ચાર્જ સોંપવા તેમજ ડેપ્યુટી મેયર અને એક્ઝિક્યુટિવ કમિટીના ચેરમેન માટે વાહનોની વ્યવસ્થા સહિતના મુદ્દાઓને મંજૂરી આપવામાં આવી હતી.

શહેરમાં વૃક્ષારોપણ અને તેની જાળવણી, ફ્લાવર શો-2026ના ખર્ચને મંજૂરી, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ થાણા તળાવના વિકાસ માટે વધારાના બજેટની જોગવાઈ, જનભાગીદારી યોજના હેઠળ વિવિધ સોસાયટીઓમાં રસ્તા અને બ્લોક પેવિંગના કામો, કબીલપોરની લાયબ્રેરીનું અપગ્રેડેશન, શાળાઓ તથા જાહેર સુવિધાઓના સમારકામ અને વિરાવળ STP ખાતે એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર સ્થાપવા જેવા મુદ્દાઓને લીલી ઝંડી આપી હતી.

## ગેરકાયદેસર બાંધકામ કરનારાને નોટિસ આપી

**વલસાડના** ધોબી તળાવની બેકરી, બેચર રોડના સાઇકલ સ્ટોર્સના બાંધકામના પુરાવા રજૂ કરવા જણાવ્યું

વલસાડઃ વલસાડ શહેરમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા છેલ્લા કેટલાક સમયથી માંગ ઉઠી હતી. હાલ પાલિકાએ બેચર રોડના સલિમ સાઈકલ સ્ટોર્સ અને ધોબી તળાવની અનમ બેકરીને તેમના ગેરકાયદેસર બાંધકામને લઈ નોટિસ પાઠવી છે.

વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરે સલિમ સાઈકલ સ્ટોર્સના સલીમ અબ્દુલ કાદર શેખને એક નોટિસ આપી જણાવ્યું કે, તેમના દુકાન બહાર પતરાનો શેડ ટ્રાફિકને અડચણ રૂપ છે. આ શેડ રોડ માર્જિનમાં બનાવાયેલો હોય તેને દૂર કરવા જણાવાયું છે. કાપડિયા ચાલ વિસ્તારમાં અવર જવર માટે આ શેડ બાધારૂપ હોય તેને દૂર કરવા તેમજ આગામી 3 દિવસમાં મિલકતના સંબંધિત પુરાવા લઈ પાલિકામાં હાજર થવા જણાવ્યું છે.

બીજી તરફ વલસાડ ધોબી તળાવ વિસ્તારમાં આવેલી અનમ બેકરીના રઈસ અહમદ મોહમદ હનીફ અન્સારીને નોટિસ આપી જણાવ્યું કે, તેમની દુકાનનું બાંધકામ ગેરકાયદેસર છે. જેના પુરાવા 7 દિવસમાં રજૂ કરવા નોટિસમાં જણાવ્યું છે.

## વાપીના ૨૨૦૦ મિલકત ધારકોએ એક દિ'માં ૮૩ લાખનો વેરો ભર્યો

**છેલ્લા** ૨૫ દિવસમાં ૩૫,૯૦૦થી વધુ મિલકત ધારકોએ લાભ લઈ મનપાને ૩.૧૪ કરોડનો ટેક્સ ભર્યો



વાપી:વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગે પ્રોપર્ટી ટેક્ષની રીબેટ યોજનાનો હમણાં સુધી એટલે કે જુનના ૨૫ દિવસમાં ૩૫,૯૦૦થી વધુ મિલકત ધારકોએ લાભ લીધો છે. આ યોજના હેઠળ મનપાને ટેક્સની ૩.૧૪ કરોડથી વધુ આવક થઈ છે. જ્યારે ૨૫ દિવસમાં મિલકત ધારકોને ટેક્સમાં ૩.૭૧ લાખની રીબેટનો લાભ મળ્યો છે. ગુરુવારે વાપી મનપાની ઘરવેરા વિભાગની ટીમે પ્રોપર્ટી ટેક્ષની રીબેટ યોજના બાબતે મધ્યમવર્ગના ફ્લેટધારકો અને ચાલી માલિકોને માહિતી આપી તેનો લાભ લેવા માટે વિસ્તૃત સમજ આપી હતી.

ઘરવેરા વિભાગની વિવિધ ટીમ દ્વારા વાપીના ચલા, ડુંગરા, બલીઠા, કુંતા, કરવડ વગેરે વિસ્તારમાં સોસાયટીઓના હોદ્દેદારો અને ચાલી માલિકો સાથે મુલાકાત કરવામાં આવી હતી અને જુનની રીબેટ યોજનામાં નિયમિત 5% રીબેટ સાથે vapicity.in વેબસાઇટથી ઓનલાઈન વેરો ભરવાથી વધુ 1% રીબેટ અપાતું હોવાથી વધુ લાભની યોજનાની માહિતી આપી વેરો ભરવા પ્રોત્સાહિત કરાયા હતા. જેને ફ્લેટધારકો અને ચાલી માલિકોએ સારો પ્રતિસાદ આપ્યો છે. ગુરુવારે ૨૨૦૦ મિલકત ધારકોએ રૂ.૮૩ લાખનો વેરો જમા કરાવ્યો હતો. જ્ઞાનસૂર્ય સોસાયટી, પંકજ મંજિલ, તુલસી એન્કલેવ, યાસીન મંઝીલ, ફિલાટેક્ષ એપા. વગેરે સોસાયટીના તમામ રહીશોએ પોતાનો વેરો ભરી દીધો હતો. જ્યારે ચાલી માલિકો શિવ મોહન, ભાકેશ કીકુભાઈ, ભાવિન રાજેશભાઈ વગેરેએ પણ પોતાનો વેરો તુરંત ભરી દીધો હતો. ઘરવેરા વિભાગની વિવિધ ટીમ દ્વારા વાપી મહાનગરપાલિકા વિસ્તારની ૭૦ થી વધુ સોસાયટીઓ અને ૯૦ થી વધુ ચાલી માલિકોની મુલાકાત લઇ યોજનાનું પેમ્પલેટ આપી વિગતવાર માહિતી આપી રીબેટનો લાભ લેવા જણાવ્યું હતું. જુનમાં અત્યાર સુધીમાં ૧૭૦૦૦ ફ્લેટધારકોએ વેરો ભરી દીધો છે.



## નવસારીમાં એક મહિના પહેલાં બનેલા રસ્તામાં ટ્રક ખૂંપી ગયો

**નવસારીઃ** નવસારીના ટાટા હાઈસ્કૂલથી વિરાવળ તરફ જતા માર્ગ પર કપચી ભરેલો ટ્રક પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક રસ્તો બેસી જતાં ટ્રક ખૂંપી ગયો હતો. ટ્રકને બહાર કાઢવા માટે JCBની મદદ લેવી પડી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ રસ્તાના નિર્માણને હજુ એક મહિનો જ થયો છે. નવા રસ્તા પર જ આવી ઘટના બનતાં બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ગણદેવી ખેડૂત સહકારી સંઘે ૧૫ ટકા ડિવિડન્ડ જાહેર કર્યું

**સંઘની** 78મી સાધારણ સભામાં અનેક ખેડૂતલક્ષી નિર્ણયો લેવાયા

બીલીમોરાઃ ગણદેવી ખેડૂત સહકારી સંઘની ૭૮મી વાર્ષિક સાધારણ સભા ગુરુવારે સવારે કોળી પટેલ સમાજ વાડીમાં મળી હતી. વાર્ષિક અહેવાલ લેખાં-જોખાં રજૂ કરાયા હતા. સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું હતું. તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

દેશભરમાં સહકારી ક્ષેત્રે ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ આગવું નામ ધરાવે છે. જેની ૭૮મી વાર્ષિક સભા ગુરુવારે મળી હતી. જેમાં ખેડૂત સંઘના મેનેજર પરિમલ રાવલે સૌને આવકાર્યા હતા. નામી-અનામી સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. સંઘના પ્રમુખ ગોવિંદભાઈ ટી. પટેલે વ્યવસ્થાપક સમિતિ વતી વર્ષના વાર્ષિક હિસાબ સભાસદો સમક્ષ રજૂ કર્યા હતા. સંઘના વિવિધ કાર્યોની જાણકારી પ્રદાન કરાઇ હતી. જેમાં સંઘ સંચાલિત પેટ્રોલ-ગેસ પમ્પ, ડાંગરમાં ઉનાળુ ૨૦૨૫ સિઝનમાં ૫૬૮૮ ગુણી અને ચોમાસું ૨૦૨૪માં ૪૪૯૩ ગુણી પૂલીંગ કરાઈ, રાસાયણિક ખાતર ખરીદી ઉપર મંડળીઓને રૂ. ૨.૫૦ લાખ રિબેટ, શુદ્ધ ડાંગર બિયારણ, પાવર ટીલર ટ્રેક્ટર વેચાણમાં વર્ષ ૨૦૨૪-૨૫માં દેશભરમાં પ્રથમ ક્રમની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, જય કિસાન મેડિકલ સ્ટોર ઉપર ખરીદી કરનારને ૧૦ ટકા રિબેટ, જયકિસાન હોસ્પિટલમાં ૩૯૪૮ દર્દીઓને રાહતદરે સારવાર, સંઘની મૃતક સ્વજનોને અંતિમધામ પહોંચાડતી રથ સેવા, દર્દી માટે એમ્બ્યુલન્સ સેવા, જય કિસાન સુપર માર્કેટ ઉપરાંત સામાજિક ક્ષેત્રે મદદ અને જય કિસાન હોસ્પિટલ દ્વારા આરોગ્ય સેવાનો વિસ્તૃત અહેવાલ રજૂ કરાયો હતો. તેમણે સરકાર, ખેડૂતો, ગ્રાહકો, ડિલરો, સ્ટોકીસ્ટો, સભાસદો અને સભાસદ મંડળીઓના સહકારને વધાવી લીધો હતો. સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ આપવા જાહેરાત કરતા સભામાં આનંદ વ્યાપી ગયો હતો. આભાર વિધિ ઉપપ્રમુખ રઘુભાઈ પટેલે કરી હતી. આ પ્રસંગે પ્રમુખ ગોવિંદ ભાઈ પટેલ, મેનેજર પરીમલ રાવલ, ઉમેશભાઈ પટેલ, અભિષેક પટેલ, નિમેશ નાયક, વિક્રમ દેસાઈ, મનુ પટેલ, અમિતકુમાર નાયક, રાજાભાઈ પટેલ, રમેશ પટેલ, ઠાકોર પટેલ, મહેશ પટેલ, દોલત નાયક, છીબુભાઈ પટેલ, હિરેન મહેતા, પંકજ પટેલ સહિત અગ્રણીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો, ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગૌમાંસ કેસમાં ફરાર આરોપી ઝડપાયો



નવસારીઃ નવસારી જિલ્લાના મરોલી પોલીસે ગૌમાંસ સંબંધિત ગુનામાં લાંબા સમયથી ફરાર રહેલા આરોપી અહમદસઈદ ઈલ્યાસ મંગેરાને ઝડપી પાડ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર એ. એન. ગાબાણીની સૂચનાથી સર્વેલન્સ ટીમે ટેકનિકલ બાતમીના આધારે ડાભેલ-વેસ્મા રોડ પર આવેલી હાડકા ફેક્ટરી નજીકથી આરોપીની ધરપકડ કરી હતી.

## બીલીમોરા નજીક દેવસર ગામે સામસામી ફરિયાદ

**ક્રિકેટ** રમવા જેવી નાના મામલે બે પક્ષો વચ્ચે મારામારી થઇ હતી

બીલીમોરાઃ ગણદેવી તાલુકાના દેવસર ગામે ક્રિકેટ રમતી વખતે બોલ નાખવા જેવી નજીવી બાબતે થયેલ ધક્કા મુક્કીની જૂની અદાવતને લઈને થયેલી મારામારીની ઘટનામાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવતા બીલીમોરા પોલીસે કુલ આઠ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કર્યો છે.

પ્રથમ ફરિયાદ મુજબ ૨૨’મી જૂનની રાત્રે દેવસર તરફ ઉતરતા ઓવર બ્રિજ પર જૂની અદાવતમાં થયેલી બોલાચાલી દરમિયાન ત્રણ આરોપીઓએ ફરિયાદી અને તેના ભાઈ સાથે મારામારી કરી હતી. હુમલામાં ત્રણેને હાથમાં પહેરેલ સ્ટીલના કડાથી માથા, મોઢા તથા શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચાડતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે સામા પક્ષની ફરિયાદમાં પાંચ શખ્સોએ ફરિયાદી તથા તેના પરિવારજનો સાથે ગાળો બોલી હાથમા પહેરેલા સ્ટીલ અને લોખંડના કડાથી ઢીક મુક્કાથી માર મારી ઈજાઓ પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવમાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## વાપી વટારમાં જમીન મામલે મુખ્ય ગેટને તાળું મારી દીધું!

**ત્રણ** સામે વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાઈ

સીસીટીવી કેમેરામાં જાયું ત્યારે ખ્યાલ આવ્યો

વાપીઃ વાપી નજીકના વટારમાં જમીન મામલે કુટુંબ પરિવારના સભ્યો વચ્ચે ઝઘડો ચાલતો હોય જે અંગે 3 ઈસમોએ જમીન બાબતે બોલાચાલી કરી હતી અને જમીન અમારી માલીકીની છે આપી દો કહી પરિવારના ઘરના મુખ્ય ગેટને તાળું મારી દીધું હતું અને પરિવારને હેરાન કરતા હોય આ બાબતે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના વટાર, જેસીંગ ફળિયામાં નયનાબેન રમેશભાઈ પટેલ (ઉં.60) રહે છે. તેઓની ખેતીવાડી છે અને મકાન પણ ત્યાં જ બનાવેલ છે અને લોખંડનો મુખ્ય ગેટ બનાવેલ છે. ગત તા.18-6-26 ના રોજ પડોશમાં રહેતા શિવમ દિનેશભાઈ પટેલ, રાજેશ અમ્રત ભંડારી, સ્મિત ઉમેશભાઈ ભંડારી ભેગા હોય તેઓએ જણાવેલ કે, તમારા ઘરનો મેઈન ગેટ અને ગેટની બાજુની જમીન અમારી માલીકીની છે. અમારા ભાગમાં આવતી જમીન આપી દો નહીં તો માર મારીશું. જેથી દંપતી ઘર અંદર જતા રહ્યા હતાં. જે બાદ પુત્રોએ ઘરમાં લગાવેલ કેમેરા ચેક કરતા શિવમ પટેલ આંબાવાડીમાં આવવા-જવા માટેના મુખ્ય ગેટને બહારથી બંધ કરી તાળું મારી ગયેલ હોવાનું માલુમ પડયું હતું.

## ચીખલી નજીક 28 હજાર લૂંટી લેનારો સુરતથી પકડાયો

**ગાડીમાંથી** ધક્કો મારી પછાડી દઈ ત્રણ આરોપી કાર લઈ ભાગી છૂટ્યા હતા

ઘેજ: ચીખલી ને.હા.નં-૪૮ ઉપર થાલા ગામની હદમાં મુંબઈથી સુરત જતા ટ્રેક ઉપર સોમવારની સવારના સમયે ઇકો કાર નં-જીજે-૦૫-આરએલ-૯૬૫૪માં કામરેજ જવા માટે અમૃત શામજી વાઘેલા (ઉ.વ-૫૦) (રહે.ખેરગામ ગીરધારી ફળીયા નવા રોડ તા.ખેરગામ જી.નવસારી) બેઠા હતા. બાદમાં ઇકો કારના ચાલકે કાર હંકારી લઈ જઈ થાલા નેશનલ હાઇવે નજીકના સીએનજી સ્ટેશન પાસે ઉભી રાખી પેસેન્જર બેસાડતા તે વખતે પાછળની સીટ ઉપર બેસેલ ઇસમે બળજબરી પૂર્વક અમૃત વાઘેલાના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂ. ૨૮,૦૦૦ કાઢી લઈ તેમને ગાડીમાંથી ધક્કો મારી ત્યાંથી ત્રણેય ઈસમો ફરાર થઇ ગયા હતા.

પોલીસે ઉસ્માનખાન માનસિંગ પર્વતસિંહ ચૌહાણ (રહે.રાહત સોસાયટી, નુરાની મસ્જિદ પાછળ, ઉનગામ સુરત)ની ધરપકડ કરી હતી. તપાસ પીએસઆઇ આર.એન. વાડલે કરી રહ્યા છે.